# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/3/ક્વા-૪/૧૯-૨૦/૧૨૭૩-3** તા.28.0૨.૨૦૨૦

૨૦03 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.0૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.0૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-3 /ક્વા-૪/૧૯-૨૦

અરજદાર: ભાવેશ બાબુભાઈ નસીત ( સ્ટાર પોલીમર્સ) , ગામ – આણંદપર
**સબડીવીઝન** : નિકાવા

રજૂઆત કરનાર: **અરજદાર** ભાવેશ બાબુભાઈ નસીત અને ભાવેશ જે. ફળદુ **હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – જામનગર ગ્રામ્ય

રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **એન.પી. શાહ** -પીજીવીસીએલ વિભાગીય કચેરી – જામનગર ગ્રામ્ય

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, જામનગર વર્તુળ કચેરી

તારીખ: ૧૯-0૨-૨૦૨૦ (બુધવાર)

૧.0 સદર કેસની સુનાવણી તા. ૧૯-0૨-૨૦૨૦ (બુધવાર)ના રોજ રાખવામાં આવેલ હતી જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.0 અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, તેઓ કાલાવડ તાલુકાના નિકાવા પેટા વિભાગીય કચેરીમાં નવુ ઓર્દ્યોગીક વીજજોડાણ મેળવવા માટે તા.૧૯–0૭–૧૯ થી રૂ.૪00/– ભરપાઈ કરીને નોંધણી કરાવેલ છે. જે અનુસંધાને – ભાવપત્રક રૂ.૧,૬૫,૭0૪/– નુ ભાવપત્રક અપાયેલ હતુ. ત્યારબાદ, બીજી વખત તા.૧૯–0૮–૧૯ ના રોજ રૂ.૪00/– ભરપાઈ કરીને અરજીની નોંધણી કરાવેલ છે. જે અનુસંધાને –રૂ.૧૦,૧૬,૬૭૫/– નુ ભાવપત્રક અપાયેલ – જે તા.૨૬–0૮–૧૯ ના રોજ ભરપાઈ કરેલ. અરજદારે નિયમાધીન ચાર્જ કરતા પીજીવીસીએલ દ્વારા વધુ વસુલેલ રકમ રીફંડ મેળવવા માટે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- **સ્ટાર પોલીમર્સ, ગામ : આણંદપર, તા. કાલાવડ, જીઃ જામનગર, નામદાર ગ્રાહક ફોરમમાં ફરીયાદ કરેલ જેની વિગત નીચે મુજબ છે.**

**૧) ગ્રાહકનુનામ ,સરનામુ : સ્ટાર પોલીમર્સ, ગામ : આણંદપર, તા. કાલાવડ, જીઃ જામનગર,**
**૨) ફરીયાદીનુનામ અને સરનામુ : શ્રી ભાવેશભાઇ બાબુભાઇ નસીત, ગામઃ દેવગામ તા.લોધીકા, જીઃ રાજકોટ**
**૩) અરજીતારીખ : ૧૯.૦૮.૨૦૧૯ નાંરોજ પહોચ નંબરWC૨૬૪૯૧૭ થી રૂા.૪૦૦/- ભરેલ.**
**૪) નિયતભાવપત્રક આપેલ : તા.૨૬.૦૮.૨૦૧૯ રૂા. ૧૦,૧૬,૬૭૫.૦૦ નુઇસ્યુકરેલ.**
**૫) અંદાજપત્રભર્યાતારીખ : ૨૬.૦૮.૨૦૧૯ રૂા. પહેંચ નંબરWC 265474-75-76 રૂા.૧૦,૧૬,૬૭૫.૦૦**
**૬) વિજભાર માંગણી : ૪૦ કિ.વો.**
**૭) ગ્રાહક નંબર : ૬૧૦૩૭-૦૧૩૬૨-૦ (LTMD)**

૩.૧ **વિભાગીય કચેરી હેઠળ ગામતળ બહારના ઔદ્યોગીક / કોમર્શીયલ હેતુ માટેના વિજકનેકશનો આપવા માટે નિગમીત કચેરીન ાપત્ર નંબરPGVCL / TECH-1/6457 DT. 26.07.2019 થી આપવામાં આવેલ નિર્દેશ મુજબ સદર તારીખ પછીના કેઇસોમાં લાઇન લંબાઇચાર્જની રકમ વસુલવાનુ ચાલુ કરવામાં આવેલ હતું. આથી સદર અરજદારને તારીખ ૨૬.૦૮.૨૦૧૯ નાં રોજ આપવામાં આવેલ અંદાજપત્રમાં લાઇન ચાર્જની રકમ આપવામાં આવેલ છે. અને તે મુજબ તેમના દ્વારા અંદાજપત્રની રકમ ભરપાઇ કરવામાં આવેલ છે.**

૩.૨ **ત્યારબાદ GUVNLઓફીસ દ્વારા પત્ર નંબર GUVNL/TECH-2/DE-2/24/COMP/2053 DT.05.11.2019 થી આપવામાં આવેલ નિર્દેશ મુજબ ગામતળ બહારનાં બીન ખેતી થયેલ જમીન વાળા કેઇસોમાં લાઇન ચાર્જની રકમ લેવાનુ બંધ કરેલ છે, અને અગાઉ મુજબ ફિકસચાર્જની રકમ અંદાજપત્રમાં લેવાનુ ચાલુ કરેલ છે. આમ સદર અરજદારનો કેઇસ ઉપરોક્ત પીજીવીસીએલ ના તા. ૨૬.૦૭.૨૦૧૯ નાં પત્ર પછીનો હોય લાઇન ચાર્જની રકમ વસુલવામાં આવેલ છે જે બરાબર છે, આમ છતાં આ બાબતે અમારી વર્તુળ કચેરીને વધુ ગાઇડ લાઇન આપવા માટે સદર કેઇસ પત્ર નંબર જેઆરડી/ટેક-૧/૪૦૫ તા. ૧૬.૦૧.૨૦૨૦ થી મોકલી આપેલ છે, જે અન્વયે ગાઇડ લાઇન મળ્યા મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવશે.**

## :: હુકમ::

૪.૦ ફરિયાદી અરજદાર તેમજ સામાવાળા ની રજૂઆત તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાને આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબના તારણ પર આવી શકાય.

૪.૧ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- સ્ટાર પોલીમર્સ, ગામ : આણંદપર, તા. કાલાવડ, જીઃ જામનગર,**મુકામે ઔધોગીક હેતુ નું ૪૦ KW નું વીજજોડાણ મેળવવા માટે રૂપિયા ૪૦૦/- રસીદ નંબર ૨૬૧૧૦૧ તારીખ ૧૯.૦૭.૨૦૧૯ થી ભરપાઇ કરેલ જે અનુસંધાને તારીખ ૨૬.૦૮૨૦૧૯ ના રોજ રૂપિયા ૧૦૧૬૬૭૫/- નું અંદાજ પત્રક - રસીદ નંબર ૨૬૫૪૭૪-૭૫-૭૬ અને ટેસ્ટ રીપોર્ટ તારીખ ૨૬.૦૮૨૦૧૯ થી ભરપાઈ કરેલ છે ત્યારબાદ સદર જોડાણ તારીખ ૨૭.૧૧.૨૦૧૯ ના રોજ રીલીઝ થયેલ છે. અરજદાર દ્વારા તેઓને ફિક્ષ ચાર્જ ને બદલે ઉભી કરવામાં આવેલ લાઈન ચાર્જ સહિતનો વાસ્તવિક ચાર્જ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા વસુલેલ છે જે તફાવતની રકમ રીફંડ મેળવવા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.**

૪.૨ જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ ૨૭૧૯ તા.૩૦–૦૧–૧૭ માં જણાવેલ શરતો/નિયમો મુજબ " એવા સંજોગો કે જેમાં ખેતીવાડી વિસ્તાર વચ્ચે, કોઈ નાની વિસ્તાર કે છુટાછવાયો વિસ્તાર બિનખેતી થયેલ હોય તો પણ આવા વિસ્તારમાં ખેતીવાડી ફીડર પરથી જ ઉપર મુજબ વીજ જોડાણ આપવાના રહેશે". ત્યારબાદ જીયુવીએનએલ ના પત્ર નંબરઃ ૧૦૮૫ તા.૦૧.૦૯.૨૦૧૭ મુજબ બીનખેતી કરાવેલ જમીનમાં ધારા ધોરણ

અનુસાર ફીકસચાર્જ વસૂલાત કરવાની નીતિ ચાલુ રહેશે. ઉપરોક્ત પેરા ન.૩.૧ માં જણાવ્યા મુજબ સામાવાળા દ્વારા અરજદારનું વીજ જોડાણ આપવા માટે સલામતીને ધ્યાને રાખીને ૦.૭૧ કિમિ HT AB CABLE નો ઉપયોગ કરીને દરખાસ્ત સક્ષમ અધિકારી દ્વારા મંજુર કરવામાં આવેલ છે. સદર બાબતે સામાવાળા દ્વારા ફરિયાદી અરજદારની રજુઆતના અનુસંધાને HT AB CABLE ની કોસ્ટ bare conductor ની કોસ્ટ કરતા ખુબજ વધારે હોઈ સામાવાળા દ્વારા GUVNL ને લખેલ ના પત્ર નં ૬૧૮૮ તા. ૨૨.૦૭.૧૯ અને ૬૪૫૭ તા.૨૬–૦૭–૧૯ મુજબ જે તે સમયે અરજદારને બીનખેતી કરાવેલ જમીનમાં વાસ્તવિક ચાર્જ મુજબ – ભાવપત્રક આપેલ છે.

૪.૩ સદર ભાવપત્રક ઉર્જા અને પેટ્રોકેમીકલ વિભાગના પત્ર ક્રમાંક જીયુવી–૨૦૧૬/૩૮૮૫/ક૧ તા.૨૩–૦૮–૧૭ ને અનુલક્ષીને જીયુવીએનએલ વડોદરા દ્વારા, તેઓ ના પત્ર નં.: જીયુવીએનએલ –ટેક–૨ – ૧૦૮૫ તા.૦૧–૦૯–૧૭ દ્વારા દરેક કંપની ના માન. મેનેજીંગ ડિરેકટર શ્રી ને, માન. ગુજરાત રાજય સરકાર શ્રી ની ગાઈડલાઈન અનુસાર '' ગામતળ ની બહાર ખેતીની જમીનમાં વિવિધ હેતુ માટે ૨૪ કલાક ના ફીડર પરથી વીજજોડાણો આપવાની સર્વગ્રાહી નિતી બનાવવાનો – સરકારશ્રી નો મુળભુત હેતુ – ખેતીની જમીન – બીનખેતી કરાવ્યા સીવાય – એગ્રોબેઝ ઈન્ડસ્ટ્રીઝ તથા ખેતી સંલગ્ન લઘુ ઉદ્યોગોને ૨૪ કલાક વીજપુરવઠો પુરો પાડી આવા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાનો છે. આથી, આ ઠરાવના મુદદા ક્રમાંક ૩,૪,૫ અંતર્ગત – અરજદાર ૨૪ કલાક ના ફીડર પરથી વીજજોડાણ મેળવવા માટે અરજી કરેતો તેમણે વીજજોડાણ ના વાસ્તવિક ખર્ચ ની રકમ ચુકવવાની રહેશે. પરંતુ બીનખેતી કરાવેલ જમીન માં સમાન પ્રકારની પ્રવૃતિઓ માટે અરજદાર ૨૪ કલાક ના વીજજોડાણ માટે અરજી કરેતો – તેમની પાસેથી અગાઉ ના ધારા–ધોરણો અનુસાર ફીકસચાર્જ વસુલવાની નિતી ચાલુ રાખવાની રહેશે.''સદર સુચના અનુસાર બીનખેતી કરાવેલ અરજદારો પાસેથી અગાઉ ના ધારાધોરણ અનુસાર ફીકસચાર્જ વસુલવાની નિતિ ચાલુ રાખવાનુ જણાવેલ છે.

૪.૪ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં.૪.૨ અને ૪.૩ મુજબ ની વિગતે – જીયુવીએનએલ દ્વારા જણાવેલ પત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક–૨/ડીઈ–૨/૨૪/કોમ્પ/૨૦૫૩ તા.૦૫–૧૧–૧૯ મા કરાયેલ સ્પષ્ટતા મુજબ, ગામતળ ની બહાર બિનખેતી કરાવેલ જમીનમાં ગુજરાત રાજય સરકારના વખતોવખતના પરીપત્ર અને માર્ગદર્શન મુજબ નવા વીજજોડાણ માટે ચાર્જીસ વસુલ કરવા જણાવેલ છે. જેની જાણકારી પીજીવીસીએલની નિગમીત કચેરીના પત્ર નં. – પીજીવીસીએલ/ટેક–૧/૧/૧૧૬૫૦ તા.૦૭–૧૧–૧૯ થી દરેક વર્તુળ કચેરીને યોગ્ય કાર્યવાહી અર્થે જાણકારી **અપાયેલ** છે.

૪.૫ સદર કેઈસ મા, અરજદાર ની અરજી અન્વયે તારીખ ૨૯.૦૮૨૦૧૯ ના રોજ રૂપિયા ૧૦૧૬૬૭૫/- નુ વાસ્તવિક ચાર્જ મુજબ આપેલ છે. સદર સમયગાળા દરમ્યાન ઉપરોકત મુદદા નં. ૪.૪ મુજબ ની વિગતે ગામતળ ની બહાર બિનખેતી કરાવેલ જમીનમાં ગુજરાત રાજય સરકારના વખતોવખતના પરીપત્ર અને માર્ગદર્શન મુજબ નવા વીજજોડાણ માટે ભાવપત્રક મા ચાર્જીસ વસુલવા બાબતેની સ્પષ્ટતા – જીયુવીએનએલ કચેરીમાથી મળી ગયેલ હોય – જેથી અરજદારને અપાયેલ ભાવપત્રક પ્રવર્તમાનમા રહેલ ગાઈડલાઈન મુજબ – રીવાઇઝ કરીને નિયમાધીન તફાવત ની રકમ અરજદારને રીફંડ આપવાની પીજીવીસીએલ પક્ષકાર ને સુચના આપવામા આવે છે.

૪.૬ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૫ મુજબ ની વિગતે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારની ફરીયાદનુ નિરાકરણ કરવામા આવેલ છે.

૪.૭ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯